# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01/01/2026** **Morning : 7.00 to 7.10**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **રાજયમાં અનેક વિસ્તારોમાં અમી છાંટણા વચ્ચે નવા વર્ષ ના ઉત્સાહ ઉમંગ અને આનંદ સાથે વધામણા, મોડીરાત સુધી પોલીસનું કડક ચેકિંગ**
2. **કાર્યકારી રાજ્ય પોલીસ વડા કે. લક્ષ્મીનારાણય રાવે વિકાસ સહાય પાસેથી ચાર્જ સંભાળ્યો.**
3. **તમામ જિલ્લાઓનો સમાન આર્થિક વિકાસ સુનિશ્ચિત કરી રાજ્યનો GDP દર વધારવાની દિશામાં કાર્ય કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચના.**
4. **સુરતને રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર બનાવવાની દિશામાં પરિણામલક્ષી કામગીરી કરવા કેબિનેટમાં ચર્ચા**
5. **રાજ્ય યોગ બોર્ડ દ્વારા સૂર્યનમસ્કાર અને ધ્યાનસત્રનું આયોજન.**
6. **અમદાવાદમાં આજથી ઈન્ટરનેશનલ ફ્લાવર શો આરંભાશે.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# STATE 31ST CELIBRATION

અમદાવાદમાં અમીછાંટણા વચ્ચે વર્ષ 2026નું સ્વાગત અને 2025ની વિદાઇ થઈ, નવા વર્ષની ઉજવણીમાં ખલેલ ન પહોંચે તે માટે ,પોલીસે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું કે , શહેરના 52 નાકા પોઇન્ટ પર પોલીસ દ્વારા ચેકિંગ કરાયું હતું. 10 જેટલા પાર્ટી પ્લોટ અને હોટલને મંજૂરી આપવામાં આવી . સાથે જ પોલીસના 50 અધિકારી સાથે 300 પોલીસ કર્મચારીઓ નશીલા પદાર્થોના સેવન કરીને ડ્રાઇવ કરનાર તત્વોને પકડવા ખડેપગે હતા.

અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા આંતરરાજ્ય સીમા પર પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવ્યું. અરવલ્લી જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક જે.ડી. વાઘેલાએ આ અંગે વધુ માહિતી આપી હતી.

## બાઈટ : જે. ડી. વાઘેલા, Dy.SP., અરવલ્લી

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ પ્રશાસન દ્વારા નાગવા બીચ પર આયોજીત કાર્યક્રમમા મોટી સંખ્યામા પ્રવાસીઓ અને સ્થાનિકો જોડાયા હતા.

જામનગરમાં શહેરના અનેક પાર્ટી પ્લોટ અને રિસોર્ટસ તેમજ કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં રામધુન, હનુમાન ચાલીસા તેમજ ભજન દ્વારા ભક્તિભાવ સાથે , તો અમુક જગ્યાએ ડીજેના તાલ પર યુવાનો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

---

# DGP RAO

રાજયમાં પોલીસ વડા વિકાસ સહાય વયનિવૃત થતા તેમના સ્થાને રાજયમાં નવા ડીજીપી કાર્યકારી તરીકે ડૉ. કે. લક્ષ્મીનારાણય રાવને જવાબદારી સોંપવામાં આવી છે.

ગઇકાલે મોડી સાંજે કાર્યકારી રાજ્ય પોલીસ વડાએ વિદાય થઇ રહેલા ડીજીપી વિકાસ સહાય પાસેથી ચાર્જ લીધો હતો. વિદાય થયેલા વિકાસ સહાયે કહ્યું હતુંકે ગુજરાત રાજ્યના નવા ઈન્ચાર્જ **DGP** કે એલ રાવને અભિનંદન આપું છું.

## બાઈટ – વિકાસ સહાય

આવનાર સમયમાં રાવ ઉત્તમ કામગીરી કરી બતાવશે. જ્યારે ચાર્જ લેતા ઇન્ચાર્જ રાજય પોલીસ વડાએ જણાવ્યું હતું કે મારી કામગીરી ઉપર વિશ્વાસ રાખી ને મને મોટી જવાબદારી સોંપાઈ છે

આ બહુ મોટી જવાબદારી કુશળતાથી નિભાવીશ. પોલીસ પ્રજા નો સેતુ થી નવી દિશા બતાવીશું.મારી ભૂમિકા સારી રીતે અદા કરીશ વિકાસ સહાય ન આધુરા કામો અમે પૂરા કરીશું .ગુન્હેગારો ઉપર અંકુશ રાખીશુ તેમજ પીડિતો ને સંવેદના સાથે ન્યાય મળે તે દિશામાં કામ કરીશું

---

# JITU WAGHANI

ગુજરાતના તમામ જિલ્લાઓનો સમાન આર્થિક વિકાસ સુનિશ્ચિત કરી રાજ્યનો **GDP** દર વધારવાની દિશામાં કાર્ય કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે

ગઇકાલે યોજાયેલી કેબિનેટની બેઠક માં સૂચના આપી. પ્રવક્તા મંત્રીએ જીતુ વાઘાણીએ બેઠક બાદ જણાવ્યું કે, રાજ્યના તમામ જિલ્લાઓના **GDP** દરમાં વૃદ્ધિ કરીને સમગ્ર રાજ્યનો આર્થિક વિકાસ દર વધારવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

દેશની અર્થવ્યવસ્થામાં ગુજરાત હંમેશા ગ્રોથ એન્જિન રહ્યું છે, ત્યારે કેબિનેટ બેઠકમાં રાજ્યના સર્વાંગી અને સમાન આર્થિક વિકાસ માટે એક નવો રોડમેપ રજૂ કરાયો હતો.

## બાઇટ- જીતુ વાઘાણી પ્રવક્તા મંત્રી (જીડીપી )

પ્રવક્તા મંત્રી જીતુ વાઘણીએ જણાવ્યું કે, 70 લાખથી વધુ આબાદી ધરાવતું દેશનું પ્રથમ સ્લમ ફ્રી શહેર બનવાની દિશામાં સુરત અગ્રેસર થઇ રહ્યું છે, સુરતને રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર બનાવવાની દિશામાં પરિણામલક્ષી કામગીરી કરવા કેબિનેટ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

## બાઇટ- જીતુ વાઘાણી પ્રવક્તા મંત્રી (જીડીપી )

---

## BHARUCH BLAST

હમણાં જ અમને મળતી માહિતી અનુસાર, ભરૂચના પાનોલી જીઆઇડીસીમાં આવેલી એક કેમિકલ ફેક્ટરીમાં વિસ્ફોટ થયો છે. બ્લાસ્ટની ઘટના બાદ આગ ફાટી નીકળી હતી. આ બ્લાસ્ટનો અવાજ દૂર દૂર સુધી સંભળાયો હતો. કંપનીની આસપાસનો વિસ્તાર બ્લાસ્ટ થવાથી ધ્રુજી ઉઠ્યો.

---

# ST FAIR RISE

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા એસ.ટી. બસ ભાડામાં 3 ટકાનો વધારો અમલી કરાયો છે. મુસાફરોએ દસથી 60 કિલોમીટરની મુસાફરીમાં એક રૂપિયાનો વધારો ચૂકવવો પડશે. જ્યારે નવ કિલોમીટર સુધી ની મુસાફરીના ભાડામાં કોઇ વધારો સૂચવાયો નથી.

---

# CM DANG STUDENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડાંગના બાળકો સાથે ખાસ સમય ફાળવીને ગાંધીનગરમાં મુલાકાત કરી હતી.

ડાંગ જિલ્લાના માલેગામની શાળાના શિક્ષકો સહિત 150થી વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન ગાંધીનગર આવ્યા હતા ત્યારે મુખ્યમંત્રી સાથેની તેમની આ મુલાકાત આદિજાતિ વિદ્યાર્થીઓ માટે યાદગાર સંભારણું બની હતી.

મુખ્યમંત્રીએ આ બાળકો પાસેથી તેમને અભ્યાસ માટે મળી રહેલી અદ્યતન સુવિધાઓની વિગતો પણ જાણી હતી.

---

# SURYA NAMASKAR

આજે સમગ્ર વિશ્વનું નવું વર્ષ 2026 શરૂ થવા જઈ રહ્યું છે. ત્યારે નવા વર્ષની પ્રથમ સૂર્યકિરણને નમસ્કાર કરવા આજે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સૂર્ય નમસ્કાર અને ધ્યાન ' સત્રનું આયોજન કરાયું છે , જેમાં સવારે 7થી 8

કલાકે સોશિયલ મીડિયાના માધ્યમથી લાખો લોકો એક સાથે સૂર્ય નમસ્કાર કરશે. જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાશે.

નાગરિકોએ આજે સવારે 7 વાગ્યે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સત્તાવાર **YouTube** ચેનલ પર જોડાઈ શકશે. વધુ વિગતો અને નોંધણી માટે suryanamaskar.gsyb.in ની મુલાકાત લેવા યોગ બોર્ડના અધ્યક્ષ શીશપાલ રાજપૂતે જણાવ્યું.

---

## GUJ CYBER TAST FORCE

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ કોર કમિટી અને ટાસ્કફોર્સ રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અંગે જરૂરી કામગીરી, તાલીમ, વિવિધ સંસ્થાઓની ભાગીદારી અને સાયબર જાગરૂકતા કાર્યક્રમો અંગે સમીક્ષા કરીને રોડમેપ રજૂ કરશે.

રાજ્યની 24 કલાક વીજ પુરવઠાની વ્યવસ્થામાં હવે સ્માર્ટ મીટર, સ્માર્ટ ગ્રીડ અને SCADA જેવી આધુનિક પ્રણાલીઓ સામેલ કરવામા આવી હોવાથી, ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર હુમલાઓની સંભાવના વધી જાય છે.

તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર તરફથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ (EPD) દ્વારા 11 સભ્યોની કોર કમિટી અને 19 સભ્યોની ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે.

---

# FLOWER SHOW

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજે 14મો આંતરરાષ્ટ્રીય ફ્લાવર શો-2026નો પ્રારંભ થશે. 22 જાન્યુઆરી સુધી યોજાનાર આ ફ્લાવર શોનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે.

ફ્લાવર શોના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્ત્રી સશક્તિકરણની થીમ પર તૈયાર કરાયેલા સ્કલ્પચરનું અનાવરણ કરશે. આ અંગે મેયર પ્રતિભા જૈને વધુ માહિતી આપી.

## બાઇટ : પ્રતિભા જૈન, મેયર

---

# SOMNATH BRC

ગીર સોમનાથ જિલ્લામાં શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ 6થી 18 વર્ષની વયનુ કોઇપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટેનુ અભિયાન હાથ ધરાયું છે.

આ કામગીરી અંતર્ગત શિક્ષકો , આચાર્ય બી.આર.સી કો-ઓર્ડીનેટર સહિતના શૈક્ષણિક સ્ટાફ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન અભ્યાસ અધૂરો મુકી શાળાએ ન જતા કુલ 232 છાત્રાઓ મળ્યાં હતાં. જેમને તુરંત પુનઃ અભ્યાસ માટે જે-તે શાળામાં બેસાડવામાં આવ્યાં છે.

---

# SURENDRANAGAR PRADHAN MANTRI AWAS

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર ડૉ.નવનાથ ગવ્હાણેના અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી આવાસ યોજના-અર્બન 2.0 અંતર્ગત વ્યાજ સબસિડી સ્કીમની કામગીરી અંગે બેંકો તથા બિલ્ડરોના પ્રતિનિધિઓ સાથે મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં યોજના અંતર્ગત લાભાર્થીઓને ઝડપથી અને સરળતાથી લાભ મળી રહે તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી.

પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 હેઠળ આર્થિક રીતે નબળા, નીચી આવક જૂથ અને મધ્યમ આવક જૂથના પરિવારોને હોમ લોન પર વ્યાજ સબસિડીનો લાભ આપવા માટેની પ્રક્રિયાને વેગવાન બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

---

# SOU VISITORS

વર્ષના છેલ્લા દિવસ 31 ડિસેમ્બરે એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી નવા વર્ષના મુખ્ય આકર્ષણ તરીકે ઉભરી આવ્યું. તેની મુલાકાત માટે **60** હજારથી વધુ પ્રવાસીઓએ નોંધણી કરાવી. જેના કારણે અધિકારીઓએ પ્રવેશ મર્યાદા, પરિવહન, સુરક્ષા અને ઉત્સવની વ્યવસ્થામાં વધારો કર્યો છે.

આ પ્રસંગે એક પ્રવાસીએ પ્રતિક્રિયા આપી.

**(બાઇટ : પ્રવાસી)**

---